**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૧.૯ ડીગ્રી
લઘુતમ : ૨૪.૧ ડીગ્રી
ભેજ
સવારે ૨૪ ટકા ● સાંજે ૭૭ ટકા

# વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણમાં 'ન્યૂઝ પેપર રીડિંગ' સ્પર્ધા યોજાઈ




ગાંધીનગર, તા. ૧૬
વિદ્યાર્થીઓમાં વાંચન કૌશલ્ય તથા જનરલ નોલેજ માં વધારો કરવા માટે 'ન્યૂઝ પેપર રીડિંગ' સ્પર્ધા યોજવામાં આવી હતી. કોરોના ના સમય પછી વિદ્યાર્થીઓમાં વાંચનની પ્રેક્ટિસ ઓછી થઈ ગઈ હોવાથી તેઓમાં વાંચન કૌશલ્ય,સામાજિક કૌશલ્ય તથા લેખન કૌશલ્ય માં વધારો થાય તે હેતુથી ઈન્ટરહાઉસ ન્યૂઝ પેપર રીડિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઈવેન્ટમાં વિદ્યાર્થીઓએ બેકગ્રાઉન્ડ મ્યુઝિક સાથે શુદ્ધ ઉચ્ચારણ, સ્પષ્ટતા અને આત્મવિશ્વાસ સાથે પ્રસ્તુતિ કરી હતી. આ સ્પર્ધા બે લેવલમાં યોજવામાં આવી હતી. જેમાં દરેક વિદ્યાર્થીઓને ભાગ લેવાની તક મળી રહી હતી. ન્યુઝ પેપર રીડિંગ માં દેશના મનોરંજન, વેપાર, રમતગમત, આર્થિક, વાણિજ્ય, સામાજિક તથા ધાર્મિક દરેક પ્રકારના સમાચારો વિદ્યાર્થીઓએ વાંચ્યા હતા. ફેકલ્ટી દ્વારા વિદ્યાર્થીઓને હંમેશા અખબાર વાંચવું અને આપણા દ્રષ્ટિકોણને અને જ્ઞાનને વધુ સમૃદ્ધ કઈ રીતે બનાવવું તે સઘળી માહિતી આપવામાં આવી હતી.

# આજે વિશ્વના પહેલાં આર્કિટેક ભગવાન વિશ્વકર્માની જન્મ જયંતિ

**વિશ્વકર્મા વિશ્વના પ્રથમ એન્જિનિયર અને આર્કિટેક્ટ માનવામાં આવે છે, આ દિવસે ઉદ્યોગો, કારખાનાઓ અને તમામ પ્રકારના મશીનોની પૂજા કરવામાં આવે છે**

આજે ભગવાન વિશ્વકર્માની જન્મજયંતિ છે. તેમને કળાના કસબીઓ, કારીગરો, કારખાનેદારોના દેવતા છે. વિશ્વકર્મા વિશ્વના પ્રથમ એન્જિનિયર અને આર્કિટેક્ટ માનવામાં આવે છે. આ દિવસે ઉદ્યોગો, કારખાનાઓ અને તમામ પ્રકારના મશીનોની પૂજા કરવામાં આવે છે. કહેવાય છેકે, ભગવાને પોતાને રહેવા માટે પણ જે મહેલ બનાવડાવ્યાં હતા તેનું સર્જન વિશ્વકર્માએ કર્યું હતું. કારીગરો માટે વિશ્વકર્મા જયંતિ ખુબ જ વિશેષ દિવસ ગણાય છે.



**ભગવાન વિશ્વકર્માને સાથે જોડાયેલી રોચક વાતોઃ**

વિશ્વકર્મા વાસ્તુદેવ તથા માતા અંગિરસીના પુત્ર છે. ભગવાન વિશ્વકર્માને વાસ્તુકલાના આચાર્ય માનવામાં આવે છે. એમની જયંતી પર આરાધનાની સાથે સાધનોની પૂજા કરવામાં આવે છે. સોનાની લંકા, ઈન્દ્રપુરી, યમપુરી, વરૂણપુરી, પાંડવપુરી, કુબેરપુરી, શિવમંડલપુરી તથા સુદામાપુરીનું નિર્માણ ભગવાન વિશ્વકર્માએ કર્યું હતું. બિહાર અને અનેક ઉતરના દેશોમાં, વિશ્વકર્મા પૂજા દિવાળી બાદ કરવામાં આવે છે. તેમણે ઉડીસામાં આવેલી ભગવાન જગન્નાથ, બલભદ્ર અને સુભદ્રાજીની મૂર્તિનું નિર્માણ પણ કર્યું છે એવી લોકોમાં માન્યતાઓ છે.

**દેવી દેવતાઓના મહેલ બનાવ્યા હોવાની છે વાયકાઓઃ**

ભગવાન વિશ્વકર્મા તેમના વાહનો અને શસ્ત્રો સાથે હિન્દૂ દેવી-દેવતાઓની મહેલોનું બાંધકામ કરનાર અને સ્થાપક ગણાય છે.

**આ રીતે પૂજા-વિધિ કરવાથી ઘરમાં આવશે સુખ-સમૃદ્ધિઃ**

ભગવાન વિશ્વકર્માએ દેવતાઓ માટે અસ્ત્રો, શસ્ત્રો, ભવનો અને મંદિરો બનાવ્યા હતા. આ દિવસે વિશ્વકમાની પૂજા તમામ કલાકારો, કારીગરો અને ઔદ્યોગિક કુંટુબો દ્વારા કરવામાં આવે છે.

પરંતુ આ દિવસે પૂજા કરવાના કેટલાક વિશેષ નિયમો જણાવેલ છે. તેમનું પાલન કરવાથી, ઘરમાં સુખ-સમૃદ્ધિ આવે છે. વિશ્વકર્માની વિધિપૂર્વક પૂજા કરવાથી ઘર અને દુકાનમાં સુખ અને સમૃદ્ધિ મળે છે. આ દિવસે, તમારા કાર્યમાં વપરાયેલા મશીનો સાફ કરો. ત્યારબાદ ભગવાન વિષ્ણુની સાથે વિશ્વકર્માજીની પ્રતિમાનું સ્નાન અને પૂજા-અર્ચના કરવી જોઈએ. ઋતુફળ, મિષ્ટાન્ન, પંચમેવા, પંચામૃત અર્પણ કરો. દીવો અને ધૂપ વગેરે પ્રગટાવીને બંને દેવતાઓની આરતી કરો. જે લોકો એન્જીનરિંગ,આર્કિટેક્ચર,ચિત્રકારી,વેલ્ડિંગ,કાષ્ટ કામ,સુથારી કામ,માટી કામ સાથે જોડાયેલા હોય તે લોકો પણ ખુબ ઉત્સાહથી આ જયંતી ઉજવે છે.

**વિશ્વકર્મા પૂજા મુહૂર્ત ૨૦૨૨**

૧૭ સપ્ટેમ્બરનાં વિશ્વકર્મા પૂજાનું શુભ મુહૂર્ત સવારે ૦૭.૩૯થી સવારે ૦૯.૧૧ મિનિટ સુધી છે. તે બાદ બીજો શુભ સમય બપોરે ૦૧.૪૮ મિનિટ છે અને બપોરે ૦૩.૨૦ મિનિટ છે. પછી ત્રીજો શુભ સમય બપોરે ૦૩.૨૦થી સાંજે ૦૪.૫૨ સુધીનો છે.

**શારદા સ્કુલ ઓફ ફાર્મસીના IQACના સેલ દ્વારા**

# છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓ માટે કારકીર્દી વિશે સેમીનાર યોજાયો



પેથાપુર, તા. ૧૬
શારદા સ્કુલ ઓફ ફાર્મસીમાં IQAC ના સેલ દ્વારા છેલ્લા વર્ષના વિધાર્થીઓ માટે GPAT / NIPER : The Career Path for Pharmacy Students નુ આયોજન કરવામાં આવ્યુ હતુ. આજ ના વિધાર્થીઓ વિદેશ અભ્યાસ કરવા માટે આંધળી દોડ મુકે છે. જેના પર્યાયરૂપે આપણા દેશમાં પણ માસ્ટર ડીગ્રી પછી પણ વિવિધ ક્ષેત્રોમાં ઘણી બધી તકો મળતી હોય છે તથા સરકાર દ્વારા મળતી આર્થીક સહાય ની માહીતી યશ ગદાની, ફાયન્ડર ઓફ એપોમાઈન્ડ દ્વારા આપવામાં આવી હતી ત્યાર બાદ કિર્તન સંઘવી એ વિધાર્થીઓને મોટીવેશનલ સ્પીચ આપી વિધાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. અને GPAT માટે જાગ્રુત કર્યા હતા. આ સેમેનારનુ સફળતા પૂર્વક આયોજન શ્રી રોનક એન. પટેલ દ્વારા કરવામાં આવ્યુ હતુ. જે બદલ શારદાબેન એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા આભાર માનવામાં આવે છે.




સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી (ગાંધીનગર) સંચાલિત મહાત્મા ગાંધી વિદ્યામંદિર સે ૧૬ ગાંધીનગર ના વિદ્યાર્થી ભાઈ ઓ બહેનો એ આજરોજ નિસર્ગ સાયન્સ સેન્ટર સેક્ટર-૨૩ ખાતે વિશ્વ ઓઝોન દિવસ નિમિત્તે ચિત્ર સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અમારી સંસ્થા ના વિદ્યાર્થીઓ એ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. (૧) રાવળ મેહુલ ગાભા ભાઈ એ બીજો નંબર અને (૨)ડમા કૃપા ધનજીભાઈ એ ત્રીજો નંબર પ્રાપ્ત કર્યો હતો. વિજેતા થયેલા ને કોઑડિનેટર નટુભાઈ , આચાર્ય હસમુખભાઇ પટેલ, આર્ટ માસ્ટર અશોકભાઈ અને શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવ્યા હતા. આ તમામ વિદ્યાર્થીઓ ને દરેક તરફથી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું

# સાબરમતી સમૃદ્ધિ સેવા સંઘ દ્વારા બાળ સુરક્ષા વિષય પર જાગૃતિ કાર્યક્રમનું યોજાયો



ગાંધીનગર, તા.૧૬
ગુજરાત વિદ્યાપીઠ, સાદરા ખાતે સાબરમતી સમૃદ્ધિ સેવા સંઘ સંસ્થા દ્વારા બાળ સુરક્ષા અને સ્થળાંતરિત પ્રવાસી મજુર અને તેઓના પરિવાર ને મદદરૂપ બનવા માટેના વિષય પર એક જાગૃતિ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માં મુખ્ય અતિથી તરીકે સંસ્થાના નિયામક ફાધર ઝેવિયર જેમ્સ જોડાયા હતા. આ ઉપરાંત જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, સખી વન સ્ટોપ સેન્ટર,ચાઈલ્ડ લાઈન સ્ટાફ તેમજ પ્રવાસી બંધુ સ્ટાફ હાજર રહ્યા હતા. પ્રોગ્રામમ માં ટોટલ ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

# જે બી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ અડાલજ અને ત્રિ-મંદિરની શૈક્ષણિક મુલાકાતે

ગાંધીનગર, તા.૧૬
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.બી પ્રાથમિક શાળાનાં ધો.૩ના વિદ્યાર્થીઓએ ૧૨મી સપ્ટેમ્બરે શાળાની બસમાં સેકટર-૨૧ પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી. ત્યારબાદ બાળકોએ સરિતા ઉદ્યાનની મુલાકાત લીધી. ત્યાં વિદ્યાર્થીઓએ અલ્પાહાર લઈને રમતનાં સાધનો પર ખૂદ આનંદથી રમ્યા. ત્યારબાદ પોસ્ટ ઓફિસમાં મુલાકાત દરમિયાન બાળકોએ તમામ માહિતી આપવામાં આવી. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ૧ દિવસીય મુલાકાત ને માણી હતી. શાળાના આચાર્ય નીવાબેન પટેલે વિદ્યાર્થી તથા શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.




# બીબીએ કૉલેજનાં વિદ્યાર્થીઓ દ્વારા 'ગ્રીન ફિલ્ડ કંટ્રોલ સિસ્ટમ પ્રાઈવેટ લિમિટેડ'ની ઔધોગિક મુલાકાતે

ગાંધીનગર, તા. ૧૬
કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કૉલેજ ઓફ બિઝૂનેસ એડમિનીસ્ટ્રેશન દ્વારા વિદ્યાર્થીઓને ઔધોગીક મુલાકાત માટે ગાંધીનગર ખાતેની પ્રતિષ્ઠિત ગ્રીન ફિલ્ડ કંટ્રોલ સિસ્ટમ ખાતે શ્રેણીબદ્ધ રીતે પાંચ વખત અલગ અલગ મુલાકાત નો આયોજન કરવા માં આવ્યું હતું. મેનેજમેન્ટનાં વિદ્યાર્થીઓ ખાલી પુસ્તકીયુ જ્ઞાન મેળવે તો સમાજ અને ઉધોગ જગત તેનાથી લાભાન્વિત બની શકે નહી ત્યારે બીબીએ. કૉલેજ દ્વારા સાંપ્રત સમય ની માંગ ને અનુલક્ષી ને વિદ્યાર્થીઓ ને ત્રણવર્ષ નાં અભ્યાસકાળ દરમ્યાન ૬ વખત ઈંડસ્ટ્રિયલ વિઝિટ કરાવવા નો નિર્ણય લેવા માં આવ્યો છે. સંસ્થા નો અભિગમ છે. કે કોઈપણ વિદ્યાર્થી વ્યવસાય કે નોકરી વીના ન રહે તે માટે અથાક પ્રયત્નો કરવા માં આવી રહ્યા છે. જેના ભાગ રૂપે સંસ્થા દ્વારા Placement & Training તેમજ Entrepreneurship Cell કાર્યરત છે. જેમા વિદ્યાર્થીઓની રુચિ પ્રમાણે તેમને કારકિર્દી નું ઘડતર કરવામાં મદદરૂપ થવામાં આવે છે. વિઝિટ દરમ્યાન વિદ્યાર્થીઓને ઉત્પાદનનાં વિવિધ તબક્કાઓ બાબતે સમજાવવામાં આવ્યા હતા. આ મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓને ૨ ટીમમાં વિભાજીત કરી પ્રોડક્શન અને ઑપરેશન્સ બાબતે માર્ગદર્શન આપવા માં આવ્યુ હતુ.



વિદ્યાર્થીઓ ને "પ્લાન્ટ લે આઉટ" તેમજ ઉત્પાદન નાં વિવિધ તબક્કાઓ માં સંચાલન કેવીરિતે કરવુ તેમજ"પ્લાન્ટ લે આઉટ" ની ગોઠવણી કેવી રિતે કરવી તેની ઉંડાણ પુર્વક માહિતી આપી હતી. જેથી પ્લાન્ટ અને પ્રોડક્ષન પ્રક્રિયાથી વાકેફ થાય આમ વિદ્યાર્થીઓએ કૉલેજમાં અભ્યાસ કરતા વિવિધ વિષયો અને વર્ગખંડ માં પ્રાપ્ત કરેલ જ્ઞાનનો તુલનાત્મક રીતે પ્રેક્ટિકલ અમલીકરણનો અભિગમ કેળવવો તેમજ કૉર્પોરેટ લીડર તરીકે પ્રસ્થાપિત થાય તેવા લર્નિગ વેલ્યૂ શીખ્યા હતા તેમજ સંપૂર્ણ વિઝિટ નો રિપોર્ટ બનાવી કૉલેજ ને સુપ્રત ક્યો હતો. આ વિઝિટ ને સફળ બનાવવા અમુલડેરી ના અધિકારીશ્રીઓનો ખુબજ સહકાર મળ્યો હતો. શ્રી અર્પિત પટેલે દ્વારા વિદ્યાર્થીઓને ઉત્પાદન,સંચાલન અને વહીવટનાં વિવિધ પાસાઓથી વાકેફ કર્યા કંપનીના એચઆર વિભાગમાંથી કુ.દેવલ મોદી અને કુ. વૈષ્ણવી ઉપાધ્યાયે વિદ્યાર્થીઓને પ્લાન્ટની મુલાકાત માટે લઈ ગયા અને વિદ્યાર્થીઓના તમામ પ્રશ્નોનું નિરાકરણ કર્યુ. સમગ્ર વિઝિટ નું આયોજન સંસ્થા નાં આચાર્ય ડૉ.રમાકાન્ત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ ઉપાચાર્ય તેમજ ટ્રેનીંગ અને પ્લેસમેંટ કમિટી ના હેડ ડૉ.જયેશતન્ન,ડો.માર્ગી દેસાઇ, ડો.અમિતા પ્રજાપતિ,ડો.નીરવ જોશી,પ્રો રિપલ મહેતા દ્વારા સફળતાપુર્વક પૂર્ણ કરવા માં આવ્યુ હતુ.



# સરસ્વતી વિદ્યાલયમાં 'રેડ ડે'ની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૬
સેકટર-૬માં સરસ્વતી વિદ્યાલયમાં રેડ ડે ઉજવવામાં આવ્યો હતો. જેમાં કે.જી.ના બાળખોએ રેડ કપડાં પહેર્યા હતા. રડે ફુગ્ગાથી કલાસ સુશોભન કર્યો હતો. ટામેટાનાં ચિત્રમાં રેડ કલર પુરાવીને કલરનું મહત્ત્વ સમજાવ્યું હતું. બાળકોને ભણતરની સાથે-સાથે બીજા કલરનું કલરનું પણ મહત્ત્વ સમજાવ્યું હતું. સંસ્થાના પ્રમુખ પ્રદિપસિંહ બિહોલા અને શાળાના આચાર્ય હિતેન્દ્રસિંહ પરમારે બાળકોને પેન્સિલ અને રબર આપી બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો.







ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા આયોજીત મેગા સ્પોર્ટ્સ કાર્નિવલ, દ્વિતીય દિવસ ના રોજ કબ્બડી,બરછી ફેંક,ગોવા ફેંક,દોડ,તલવાર બાજી,વોલીબોલ, હેન્ડબિલ,સેનીટેશન ગેમ જેવી વિવિધ રમતગમત નો સવારે ૯:૦૦ કલાકે પ્રારંભ કર્યો હતો

## જન્મદિને વધામણી



**નિમિષ વ્યાસ**
કારોબારી સભ્ય, ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૯૦૯૯ ૪૬૦૬૪



**માધવી નિમિષ વ્યાસ**



**મિત્તલ રાણા**
લાયોનેસ કલબ



**જગદીશભાઈ ડી પટેલ**



**નિશાબેન યોગેશકુમાર આનંદ**
મો. ૯૮૯૮૧ ૧૩૧૩૧



**રાજ આરાધ્યા બા**



**રવિ ચૌહાણ**
મો. ૯૦૩૩૨ ૭૩૬૫૫



**અજયકુમાર નાયી**
મો. ૯૭૨૩૮ ૯૪૩૦૬



**પ્રવીણચંદ્ર પ્રતાપરાય જોષી**
મોં.૯૪૨૯૫ ૨૩૨૪૧